પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૧૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૩૦-૦૪-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 210 PRICE :-RS. 1.50 DATE : 30-04-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોનાનો કહેર, રોકેટ ગતિથી વધી રહ્યો છે મૃત્યુઆંક, સાજા થનારા દર્દીઓ ૧.૫ કરોડને પાર

# કોરોનાનો કહેર: ૩.૮ લાખ નવા કેસ, ૩૫૯૬ના મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના સંક્રમણના કેસ દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. બુધવારે દેશમાં કોરોનાના ૩.૮૦ લાખ કેસ નોંધાયા જે અત્યાર સુધીનો સર્વાધિક આંકડો છે. આ સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના કારણે ૩,૫૯૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.



આ સાથે જ દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા પણ ૩૦ લાખ થઈ ગઈ છે જે ખૂબ જ ચિંતાજનક છે. ગત વર્ષે વાયરસનો પ્રકોપ શરૂ થયો ત્યાર બાદ પહેલી વખત સક્રિય દર્દીઓનો આંકડો ૩૦ લાખે પહોંચ્યો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે તુલના કરીએ તો અમેરિકામાં સર્વાધિક આશરે ૭૦ લાખ જેટલા સક્રિય દર્દીઓ છે. ૩૦ લાખના આંકડા સાથે ભારત બીજા ક્રમે છે. બ્રાઝિલમાં આશરે ૧૦ લાખ જેટલા સક્રિય કેસ છે અને તે ત્રીજા નંબરે છે. ભારતમાં સક્રિય કેસની સંખ્યા સતત વધી રહી છે જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. ૧૬ ફેબ્રુઆરીના રોજ દેશમાં ૧.૩૮ લાખ સક્રિય દર્દીઓ હતા. તેને ૫ લાખ સુધી પહોંચતા ૪૦ દિવસ લાગ્યા હતા. ત્યાર બાદ ૧૨ દિવસમાં ૧૦ લાખનો આંકડો પૂરો થયો હતો અને પછી માત્ર ૧૦ દિવસમાં વધુ ૧૦ લાખ કેસ અને ૯ દિવસમાં ૧૦ લાખ સક્રિય દર્દીઓ વધી ગયા.

ચિંતાની વાત છે કે બુધવારે ૩ લાખ ૭૯ હજાર ૧૬૪ નવા દર્દીની પુષ્ટિ કરવામાં આવી છે. એક દિવસમાં અત્યારસુધીમાં નવા દર્દીઓની સંખ્યા આ સૌથી વધુ છે. આ પહેલાં ૨૭ એપ્રિલના રોજ સૌથી વધુ ૩.૬૨ લાખ દર્દીઓની ઓળખ કરાઈ હતી. આ સિવાય ૨૪ કલાકમાં ૩,૬૪૬ લોકોનાં મોત થયાં છે. આ સતત બીજો દિવસ હતો, જ્યારે ત્રણ હજારથી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે. આ પહેલાં મંગળવારે ૩,૨૮૬ લોકોનાં મોત નોંધાયાં હતાં.

મહારાષ્ટ્રમાં કડક પ્રતિબંધો લાગુ હોવા છતાં કોરોનાની ગતિ ધીમી પડવાનું નામ લેતી નથી. બુધવારે રાજ્યના સ્વાસ્થ્ય વિભાગે બહાર પાડેલા આંકડા મુજબ રાજ્યમાં કોરોનાના નવા ૬૩,૩૦૯ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૪૪,૭૩,૩૯૪ અને મૃતકોનો આંકડો ૬૭,૨૧૪ પર પહોંચી ગયો છે. એક જ દિવસમાં રાજ્યમાં ૯૮૫ લોકોના કોરોનાથી મોત થયા.

ગુજરાતની વાત કરીએ તો રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા બુધવારે બહાર પડેલા આંકડા મુજબ રાજ્યમાં કોરોનાના નવા ૧૪૧૨૦ દર્દીઓ નોંધાયા છે. એક જ દિવસમાં ૧૭૪ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા. આ સાથે ૮૫૯૫ દર્દીઓ રિકવર પણ થયા. રાજ્યમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં ૫૭૪૦ અને ત્યારબાદ સુરતમાં ૨૧૧૬ નવા દર્દીઓ નોંધાયા.

## બેંગ્લોરમાં ૩૦૦૦ કોરોના દર્દી લાપતા, મોબાઈલ સ્વીચ ઓફ, તંત્રની દોડધામ

બેંગ્લોર,

પશ્ચિમ બંગાળમાં કોરોના વાયરસ ભયંકર બની ગયો છે અને દરરોજ હજારોની સંખ્યામાં કેસ બહાર આવી રહ્યા છે અને સાથોસાથ વિધાનસભાની ચૂંટણી માટેનું મતદાન પણ થઈ રહ્યું છે અને આ બધી ઉપાધિ ની વચ્ચે એવા સમાચાર બહાર આવ્યા છે કે પશ્ચિમ બંગાળમાંથી કોરોનાવાયરસ ના કુલ ૩,૦૦૦ જેટલા પોઝિટિવ દર્દીઓ લાપતા થઈ ગયા છે. આ બધા જ દર્દીઓ બેંગલોર માંથી જ ગાયબ થયા હોવાનું બહાર આવ્યું છે.

આ તમામ દર્દીઓને શોધવા માટે તંત્ર દ્વારા દોડધામ શરૂ થઈ છે અને પોલીસ સહિતના અલગ-અલગ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા આવા દર્દીઓને શોધવા નો વ્યાયામ શરૂ કરી દેવામાં આવ્યો છે અને એક નવો પડકાર બંગાળમાં ઉભો થઈ ગયો છે.

અધિકારીઓએ એવી માહિતી આપી છે કે ગુમ થયેલા ત્રણ હજાર જેટલા પોઝિટિવ દર્દીઓ પૈકીના મોટાભાગના દર્દીઓ એ પોતાના મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધા છે માટે તેમનો સંપર્ક કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

આ તમામ દર્દીઓને જલ્દીથી શોધી લેવા જરૂરી છે નહીંતર આ લોકો અન્યત્ર ભાટકી ને બીજા લોકોને ચેપ લગાવી શકે છે અને કોરોનાવાયરસ મારી ગંભીર રીતે ફેલાઈ શકે છે અને લોકોને પણ સાબદા કરી દેવામાં આવ્યા છે પશ્ચિમ બંગાળના દરેક જિલ્લામાં કર્મચારીઓ અને પોલીસ ખાતા દ્વારા આવા દર્દીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી ડો. કે સુધાકરને જણાવ્યું હતું કે, લોકોના છુપાવવાનો મામલો ગત વર્ષથી ચાલી આવી રહ્યો છે. અમે લોકોને મફત દવા આપી રહ્યા છે, જે ૯૦ ટકા કેસોને નિયંત્રિત કરી શકે છે. પરંતુ તેઓએ મોબાઈલ ફોન બંધ કરી દીધા છે. અશોકે જણાવ્યું કે મોટાભાગના સંક્રમિતોએ પોતાના ફોન કરી દીધા છે અને લોકોને તેમના રહેઠાણ અંગે જાણકારી નથી આપી રહ્યા. તેમણે જણાવ્યું કે તેનાથી વસ્તુ વધુ મુશ્કેલ થઈ રહી છે. તેમણે જણાવ્યું કે મને લાગે છે કે બેંગ્લુરુમાં ઓછામાં ઓછા ૨ હજારથી ૩ હજાર લોકોએ પોતાનો ફોન બંધ કર્યા છે એને ઘર છોડી બીજે ક્યાંય જતા રહ્યા છે. અમે નથી જાણતા કે તેઓ ક્યાં ગયા છે.

અશોક સંક્રમિતોને પોતાનો ફોન ચાલુ કરવાની અપીલ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, હું હાથ જોડીને પ્રાર્થના કરું છું કે, આ પ્રકારના વર્તનથી કોરોનાના કેસો વધશે. આ ખોટું છે, જ્યારે તમે અંતિમ સમયે આઈસીયૂ બેડ શોધો છે. સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે ઓછામાં ઓછા ૨૦ ટકા દર્દીઓ અમારા ફોનના જવાબ નથી આપી રહ્યા. પોલીસ તેમને તેમની રીતે શોધશે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે ૧૪ દિવસના લોકડાઉનની જાહેરાત કરી છે. પ્રતિબંધો મંગળવારથી શરૂ થઈ ગયા છે.

## ગુજરાતમાં પુરતો જથ્થો ન હોવાથી ૧૮ વર્ષથી ઉપરના માટે વેક્સિનેશન કાર્યક્રમ પર બ્રેક!

ગાંધીનગર,

ગુજરાતમાં હાલ કોરોના મહામારી લોકોને હંફાવી રહી છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ૧ મેથી ૧૮ વર્ષથી ઉપરના લોકોને વેક્સિન આપવાની જાહેરાત કરી હતી. પરંતુ આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું છે કે રાજ્યમાં ૧૮ વર્ષથી ઉપરના લોકોને હાલ વેક્સિન નહીં મળે.




પુરતો જથ્થો ન હોવાથી ૧ મેથી ૧૮ વર્ષથી ઉપરના લોકોને વેક્સિનેશન ચાલુ થવાની શક્યતા નહીંવત્ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. પુરતા પ્રમાણમાં કોરોના વેક્સિનનો જથ્થો ઉપલબ્ધ થાય તેવી શક્યતા નહીંવત છે. કોરોના વેક્સિન જથ્થો આવ્યા બાદ રજિસ્ટ્રેશન થયેલા લોકોને વેક્સિન અપાશે. જો કે હાલ ૪૫ વર્ષથી ઉપરના લોકોનું વેક્સિનેશન ચાલુ રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ રસીનો જથ્થો ઉપલબ્ધ થાય તેવી શક્યતા નહિવત છે. તેથી રસીનો જથ્થો આવ્યા બાદ જ રજિસ્ટ્રેશન થયેલા લોકોને અપોઈટમેન્ટ અપાશે. જોકે હાલ ૪૫ વર્ષથી ઉપરના લોકોનુ વેકસીનેશન ચાલુ રહેશે. ગુજરાત સરકાર વેકસીનેશન માટે કટિબદ્ધ છે. તેથી વહેલામાં વહેલી તકે વેક્સીન આવતા ૧૮ થી વધુની ઉંમરના લોકો માટે વેક્સીનેશન ફરીથી શરૂ થઈ જશે.

આરોગ્ય વિભાગના સૂત્ર દ્વારા આ માહિતી મળી છે કે, કેન્દ્રમાથી ગુજરાતને વેક્સીનનો જે જથ્થો મોકલવાનો હતો, તે હજી આવ્યો નથી. તેથી ગુજરાતમાં ૧ તારીખથી ૧૮ થી વધુની ઉંમરના માટે વેક્સીનેશન શરૂ નહિ થઈ શકે. ફરીથી વેક્સીનેશન ક્યારે શરૂ થશે તે અંગે જલ્દી જ આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં પણ આવશે. જોકે, ૪૫ વર્ષથી ઉપરનાનો રસીકરણનો કાર્યક્રમ ચાલુ રહેશે. જોકે, આ અંગે રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત પણ કરવામાં આવશે. ગુજરાતમાં જથ્થો આવ્યા બાદ જ વેક્સીનેશનની કામગીરી ફરીથી શરૂ થશે. જોકે, હાલ રજિસ્ટ્રેશનની પ્રોસેસ તો ચાલુ જ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ રાજ્યમાં વેક્સિનેશનની કામગીરી પર પુરજોશમાં ચાલી રહી છે. રાજ્યમાં હાલ ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને વેક્સિન આપવામાં આવી રહી છે. ત્યારે હવે ૧ મેથી ૧૮ વર્ષથી વધુની ઉંમરના લોકોને વેક્સિન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ વેક્સિનેશનનો જથ્થો ઉપલબ્ધ ન હોવાના કારણે પડી ભાંગ્યું છે. ઉલ્લેખનિય છે કે, તમામ લોકોને વેક્સિન મફતમાં આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

## રાજ્યની સ્કૂલોમાં ૩ મેથી ઉનાળુ વેકેશન, ૭ જૂનથી શરૂ થશે નવું સત્ર

ગાંધીનગર,

કોરોના વાયરસના કારણે ગુજરાતની તમામ સ્કૂલો બંધ છે અને શૈક્ષણિક કાર્ય ઓન-લાઈન કરવામાં આવી રહ્યું છે. હવે સરકાર દ્વારા સ્કૂલોમાં ઉનાળુ વેકેશનની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યની તમામ સ્કૂલોમાં ૩ મેથી ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ૭ જૂનથી સ્કૂલોના નવા સત્રનો પ્રારંભ થશે. શિક્ષણ વિભાગના જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, અગાઉ રાજયની પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ મહિનાથી શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જોકે, વર્તમાન કોરોના વાયરસની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યની તમામ સ્કૂલોમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ મહિનાથી શરૂ કરવાનું હતું પરંતુ કોરોનાથી ઊભી થયેલી પરિસ્થિતિને જોતા હવે નવું શૈક્ષણિક વર્ષ ઉનાળુ વેકેશન પુરૂ થયા બાદ જ શરૂ કરવાનું રહેશે. ૩મેથી ૬ જૂન સુધી સ્કૂલોમાં ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવે છે. જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે, કોવિડ રોગચાળામાં રાજયની સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ કે અધિકારીઓને કોઈ કામગીરી સોંપવામાં આવેલી ન હોય તેમણે સ્કૂલોમાં આવવાનું રહેશે નહીં. જોકે, રાજ્ય અથવા સ્થાનિક તંત્ર દ્વારા જેમને કોઈ કામગીરી સોંપવામાં આવે તો તેમણે તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. જ્યારે ખાનગી સ્કૂલો (સ્વનિર્ભર સ્કૂલો)ના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને સ્કૂલોમાં જવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

## આરોગ્યલક્ષી સેવાઓ માટે સહકારી સંસ્થાઓ તેમના ધર્માદા ફંડ વાપરી શકશે

ગાંધીનગર,

કોવીડ-૧૯ (કોરોના)ની મહામારી સામે લડવા આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ બનાવવાના હેતુસર સહકારી સંસ્થાઓ તેમના ધર્માદા ફંડમાંથી રાજ્ય સહકારી સંઘ કે જિલ્લા સહકારી સંઘની મંજૂરી મેળવ્યા સિવાય ધર્માદા ફંડ વાપરી શકશે તેવો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હોવાનું સહકારી મંડળીઓના રજિસ્ટ્રારની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર સમગ્ર રાજ્યમાં કોરોના વાયરસ (COVID-19)ની મહામારીને પહોચી વળવા રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ પ્રજા કલ્યાણલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે લેવાયેલા વધુ એક હિતકારી નિર્ણય અનુસાર સહકારી સંસ્થાઓ તેમના વિસ્તારમાં (COVID 19)ની મહામારીમાં સામાજીક દાયિત્વ અદા કરવાના હેતુથી તબીબી સુવિધા સહિત જાહેર સેવાના હેતુ માટે કોઈપણ સંસ્થા પોતાના ધર્માદા ફંડમાંથી રાજ્ય કે જિલ્લા સહકારી સંઘની મંજુરી મેળવ્યા સિવાય તા.૩૦/૦૯/૨૦૨૧ સુધી ધર્માદા ફંડ વાપરી શકશે. તદુપરાંત હાલમાં કોવીડ-૧૯ની મહામારીના કારણે હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓને સરળતાથી ત્વરિત ઓક્સીજન મળી રહે તે હેતુથી રાજ્યમાં આવેલ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને જરૂરી કાર્યવાહી કરી ઓક્સીજન પ્લાન્ટ ત્વરીત ઉભા કરવા રાજ્ય સરકાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## બંગાળમાં ચૂંટણી: ઉત્તર કોલકાતામાં કાર સવારોએ ફેંક્યા બોમ્બ, ચૂંટણી પંચે માંગ્યો રિપોર્ટ

કલકત્તા,

પશ્ચિમ બંગાળમાં ગુરૂવારે વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. ત્યારે ઉત્તર કોલકાતાના મહાજાતિ સદન વિસ્તારમાં બોમ્બ ફેંકવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. જાણવા મળ્યા મુજબ કારમાં સવાર કેટલાક લોકોએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. જો કે તેના કારણે કોઈ નુકસાન થયું હોવાના સમાચાર સામે નથી આવ્યા. આ અંગે જાણ થયા બાદ તે વિસ્તારમાં ભારે પોલીસ બળ તૈનાત કરી દેવામાં આવ્યું છે. ચૂંટણી પંચે આ ઘટનાને લઈ રિપોર્ટની માંગણી કરી છે. નોંધનીય છે કે, બંગાળમાં ચૂંટણીના દરેક તબક્કા દરમિયાન હિંસાની ઘટના નોંધાઈ છે.

આઠમા અને અંતિમ તબક્કાના મતદાનમાં ૪ જિલ્લાની કુલ ૩૫ વિધાનસભા બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. આ તબક્કામાં માલદાની ૬, બીરભૂમની ૧૧, મુર્શિદાબાદની ૧૧ અને કોલકાતા નોર્થની ૭ બેઠકો સામેલ છે. મોડી સાંજે બંગાળ ચૂંટણીનું એક્ઝિટ પોલ જાહેર થશે જ્યારે ૨ મેના રોજ પરિણામો ઘોષિત થશે.

ભાજપના નેતા અને અભિનેતા મિથુન ચક્રવર્તીએ આજે નોર્થ કોલકાતાના કાશીપુર-બેલગછિયા ખાતે પોતાનો મત આપ્યો હતો. મતદાન બાદ મિથુને જણાવ્યું કે, આજે પહેલી વખત મેં આટલા શાંતિપૂર્ણ વાતાવરણમાં મત આપ્યો છે જેના માટે હું સુરક્ષાકર્મીઓને શુભેચ્છા પાઠવું છું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને લોકોને મતદાન માટે વિનંતી કરી હતી. તેમણે લખ્યું હતું કે, આજે બંગાળમાં અંતિમ તબક્કાની ચૂંટણી છે. કોરોના પ્રોટોકોલના પાલન સાથે તમે લોકો મતદાન કરો અને લોકશાહીના આ મહાપર્વને વધુ મજબૂત બનાવો.

કોંગ્રેસી નેતા અધીર ચૌધરીના ગૃહક્ષેત્ર મુર્શિદાબાદ જિલ્લામાં માકપા-કોંગ્રેસ-આઈએસએફ ગઠબંધનને સારા પરિણામોની આશા છે. કોંગ્રેસ માલદા જિલ્લાના પોતાના પરંપરાગત ગઢમાં પણ કેટલાક મત મેળવવા પ્રયત્ન કરી રહી છે જે એક સમયે કેન્દ્રીય મંત્રી એબીએ ગની ખાન ચૌધરીનો ગઢ હતો.

## ભારતને કોરોનાના મુશ્કેલ સમયમાં રસી આપવાનો બ્રિટને કર્યો ઈનકાર

લંડન,

દુનિયામાં કોરોનાના સૌથી મોટા પીડિત એવા ભારતને મુશ્કેલ સમયમાં બ્રિટને કોરોનાની રસી ના આપવાનો નિર્ણય કર્યો છે. બ્રિટને કહ્યું છે કે, તેમની પાસે રસીનો જથ્થો એટલા પ્રમાણમાં નથી કે તે ભારતને આપી શકે. બ્રિટનમાં કોરોનાને કારણે હોસ્પિટલો પર ભારે બોઝો છે જેના કારણે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રી મેટ હેંકોકે કહ્યું હતું કે, ભારતને કોરોનાની રસી આપવા માટે બ્રિટન પાસે હાલ પુરતો સ્ટોક નથી. બીજી બાજુ હજુ અમારો દેશ જ કોરોનાની ઘાતક લહેરનો સામનો કરી રહ્યો છે. જોકે બ્રિટને ભારતને વેંટિલેટર અને ઓક્સીજન કંટેનર્સ મોકલી આપ્યા છે પણ હેનકોકે કહ્યું છે કે, વર્તમાનમાં બ્રિટન ભારતને કોઈ વેક્સીન આપવાની સ્થિતિમાં નથી. હાલ અમારી પાસે વેક્સીનનો કોઈ વધારાનો પુરવઠો ઉપલબ્ધ નથી.

ભારતમાં હાલ કોરોના વાયરસની બીજી લહેર ચાલી રહી છે. સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે રોજના સાડા ૩ લાખથી વધારે નવા મામલા મળી રહ્યા છે. તેવામાં બીજા દેશો ભારતની મદદ માટે આગળ આવ્યા છે. આ તબક્કામાં કેનેડાના ૧૦ મિલિયન ડોલર આપવાનું એલાન કર્યુ હતુ તો સાઉથ કોરિયાએ મેડિકલ સપ્લાય મોકલવાની વાત કરી હતી. ન્યૂઝીલેન્ડે લગભગ ૭ લાખ અમેરિકન ડોલર આપવાનું એલાન કર્યુ છે. ન્યૂઝીલેન્ડના વિદેશ મંત્રી નનાઈયા મહુતા એ બુધવારે (૨૮ એપ્રિલ)એ આ જાહેરાત કરી હતી. બ્રિટને પણ ભારતની મદદ કરવાની જાહેરાત કરી હતી. જોકે બ્રિટને હવે કહ્યું છે કે, હાલ તે કોરોનાની રસી તેના નાગરિકોને આપવાને પ્રાથમિકતા આપી રહ્યું છે. માટે હાલ તેની પાસે ભારત જેવા જરૂરીયાત ધરાવતા દેશોને તેની વેક્સીનનો જથ્થો પુરો પાડવા માટેના વધારાના ડોઝ નથી. ભારતમાં કોરોનાની બીજી લહેરના સંદર્ભમાં બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસનના પ્રવક્તાએ કહ્યું હતું કે, આ પ્રક્રિયાની નિરંતર સમીક્ષા કરવામાં આવી રહી છે. દેશ ૪૯૫ ઓક્સીજન કંટેનર્સ, ૧૨૦ વેંટિલેટર્સ સહિતના જરૂરી સામાનનો જથ્થો મોકલી રહ્યું છે જેથી કરીને ભારતમાં તેની અછત દૂર કરી શકાય. ૧૦૦ વેંટિલેટર અને ૯૫ ઓક્સીજન કંટેનર્સનો પહેલો જથ્થો તો મંગળવારે સવાર જ ભારત આવી પહોંચ્યો છે.

## રસીકરણ અભિયાનમાં ૩૨૦૦૦ કરોડનું કૌભાંડ, સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ થઈ

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના સંક્રમણની વધી રહેલી ઝડપ વચ્ચે સુપ્રીમ કોર્ટમાં વધુ એક અરજી દાખલ થઈ છે. આ અરજીમાં કોરોના સંકટ સામે લડવા માટેની કેન્દ્ર સરકારની નીતિઓ પર પ્રશ્નો પણ કરવામાં આવ્યા છે. આ અરજી વકીલ દીપક આનંદ મસીહે દાખલ કરી છે, તેમણે રસીકરણ અભિયાનમાં ૩૨ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ હોવાનો પણ દાવો કર્યો છે. અરજદાર દીપક આનંદ મસીહે અરજીમાં કહ્યું છે કે પશ્ચિમી દેશોમાં કોરોનાની રસી તૈયાર કરી લેવાઈ પણ તેની પડતર કિંમત ૧૫૦-૨૦૦ રૂપિયાથી વધારે નથી પણ આપણા દેશમાં તે ૬૦૦ રૂપિયામાં સામાન્ય વ્યકિતને અપાય છે. હવે જયારે ૧૮ વર્ષથી વધુ વયના યુવાઓને રસી મુકવાની છે તો કિંમત પણ વધારી દેવાઈ છે. એક અંદાજ અનુસાર ૮૦ કરોડ લોકોને રસીના બે ડોઝ આપવાના છે. એટલે રસીકરણ અભિયાનમાં રસીની કિંમતનું ગણીત ૩૨ હજાર કરોડ રૂપિયાના ગોટાળાની પુષ્ટી કરે છે.

અરજદારનો દાવો છે કે વડાપ્રધાને નેશનલ સાયન્ટીફીક ટાસ્ક ફોર્સ તો બનાવી લીધી પણ ફેબ્રુઆરી - માર્ચમાં તેની એક પણ બેઠક ન થઈ કેમકે કેટલાક રાજ્યોમાં ચૂંટણી ચાલી રહી હતી. અરજીમાં કહેવાયું છે કે દેશમાં ગયા વર્ષે ઓકટોબર મહિનામાં જ જીનોમ સીકવન્સીંગ લેબોરેટરી ઈન્સ્ટીટયૂટ શરૂ કરવાની વાત કહેવાઈ હતી, પણ હજુ સુધી તે ચાલુ કેમ નથી કરાઈ ?

અરજીમાં કહેવાયું છે કે અમેરિકન રાષ્ટ્રપતિને પણ આખા દેશમાં લોકડાઉન કરવાનો અધિકાર નથી પણ ભારતના વડાપ્રધાનને છે. લોકડાઉન કરીને પણ જોઈ લીધું. લોકડાઉનમાં સચોટ નીતિઓ બનાવીને તે નીતિઓ પર નક્કર અમલ કરવાની જરૂર હતી પણ સમય એમને એમ વ્યતિત થઈ ગયો અને થયું કશું નહીં. અરજીમાં કહેવામાં આવ્યું છે કે સમસ્યા સંસાધનો કરતા સરકારી નીતિઓની વધારે છે. તેમણે માંગણી કરી છે કે કોર્ટ સરકારને તાત્કાલિક સાચી નીતિઓ બનાવીને તેના પર યુધ્ધના ધોરણે અમલ કરવાનો આદેશ આપે.

## રૂપાણી સરકારનો સંવેદનશીલ નિર્ણય, જન્મ-મરણના દાખલા મળશે ઓનલાઈન

ગાંધીનગર,

ગુજરાતમાં હાલ કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે એક અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં હવે જન્મ મરણના દાખલા માટે લાઈનોમાં ઉભુ રહેવું નહીં પડે. ગુજરાત સરકાર દ્વારા એક સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં જન્મ કે મરણના દાખલા માટે ઓનલાઈન વ્યવસ્થા કરવામાં આવી છે. હાલ કોરોના મહામારીના કારણે તમામ સરકારી અને પ્રાઈવેટ ઓફિસોમાં ૫૦ ટકા સ્ટાફ સાથે કામ કરી રહ્યો છે. જેના પર દબાણ ન આવે અને લોકોને પોતાના સ્વજનના દાખલા મેળવવા લાઈનોમાં ઉભું રહેવું ન પડે તેના માટે આ નિર્ણય લેવાયો છે. સીએમ રૂપાણીના આ નિર્ણયથી હવે કોઈ સ્વજનને લાઈનમાં ઉભા રહેવું નહીં પડે. જન્મ અને મરણ પ્રમાણપત્ર હવે ઓનલાઈન ડાઉનલોડ કરી શકાશે. જેના માટે તમારા મોબાઈલ ફોન પર જીસ્જીથી આ અંગેની લિંક મોકલાશે. લિંક મારફતે પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાશે.

જન્મ અને મરણના દાખલા માટે હવે કોઈ સ્વજને લાઇનમાં ઉભા રહેવું નહીં પડે.ટૂંક સમયમાં ઓનલાઇન સિસ્ટમ મારફતે જન્મ અને મરણ પ્રમાણપત્ર ડાઇનલોડ કરી શકાય તે માટે આપના મોબાઈલ ફોન ઉપર SMSથી આ અંગેની લિંક મોકલવામાં આવશે.આ લિંક મારફતે જન્મ કે મરણનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાશે pic.twitter.com/E9vhRn0RDE હાલ કોરોના મહામારીમાં અનેક લોકો ભોગ બની રહ્યા છે, બીજી બાજુ જન્મ અને મરણના દાખલા માટે લોકો અનેક મહાનગરપાલિકામાં લાઈનો લગાવીને રાહ જોઈ રહ્યા છે ત્યારે હવે કોઈ સ્વજને લાઇનમાં ઉભા રહેવું નહીં પડે. ટૂંક સમયમાં ઓનલાઇન સિસ્ટમ મારફતે જન્મ અને મરણ પ્રમાણપત્ર ડાઇનલોડ કરી શકાય તે માટે આપના મોબાઇલ ફોન ઉપર જીસ્જીથી આ અંગેની લિંક મોકલવામાં આવશે.આ લિંક મારફતે જન્મ કે મરણનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાશે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં હાલ કોરોના સંક્રમણ ફેલાવવાનો ભય રહેલો છે અને તે કારણે જ સરકારી અને પ્રાઈવેટ ઓફિસો ૫૦ ટકા સ્ટાફ સાથે કામ કરી રહી છે. હવે આ સ્થિતિમાં મહાનગરપાલિકાઓમાં અધિકારીઓ કોવિડમાં વ્યસ્ત છે ત્યારે જન્મ અને મરણનું પ્રમાણપત્ર રૂબરૂ નહી આપવામાં આવે. ટેમ્પરરી આ પ્રથા બંધ કરી દેવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે રાજ્યમાં ૧ એપ્રિલ ૨૦૨૧થી ૩૧મી જુલાઈ ૨૦૨૧ દરમિયાન જન્મ મરણના બનાવો કોરોના મહામારીને કારણે વિશિષ્ટિ સંજોગોમાં બની રહ્યા હોવાને કારણે ૨૧ દિવસમાં નોંધાવી શકાયા ન હોય તો તેવા ૨૨ દિવસથી વધુ પરંતુ ૩૬૫ દિવસ સુધી વિલંબિત જન્મ કે મરણના બનાવોની નોંધણી માટે એફિડેવીટ કરવામાંથી પણ હાલ પુરતી મુક્તિ આપવામાં આવી છે અને આ અંગે લેટ ફી વસૂલવામાં નહી આવે.

## જાહેર નિવિદા-૧ સને ૨૦૨૧-૨૨
## માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજ્યનાં માન. રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ.વિભાગ, મુ.લુણાવાડા, કોટેજ હોસ્પિટલની બાજુમાં, પીનકોડ–૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબના કામો માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી તા.૧૩/૦૫/૨૦૨૧ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | સી.આર.ટુ. લુણાવાડા-સંતરામપુર રોડ કિ.મી.૧૩૦/૦૦ થી ૧૪૫/૦૦ (આસ્ફાલ્ટ પેવર પટ્ટા) | રૂા.૨૪.૮૦ |
| ૨ | સી.આર.ટુ. વેરીયસ રોડ ઓફ સંતરામપુર તાલુકા (આસ્ફાલ્ટ પેવર પટ્ટા) | રૂા.૨૪.૯૦ |

ઉપરોક્ત કામ માટેનું ટેન્ડર વેબસાઈટ http://rnb.nprocure.com પરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ કામોની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે. કામોની માહિતી માટે ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈ પણ સુધારા વધારા ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

માહિતી/ગોધરા/૩૭/૨૦૨૧

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# રાજય સરકાર દ્વારા ૨૯ શહેરોમાં રાત્રી સંચારબંધી સંદર્ભે દાહોદ કલેક્ટરનો આદેશ

દાહોદ,

રાજ્ય સરકાર દ્વારા તા. ૨૮ એપ્રીલ થી આગામી તા. ૫ મે સુધી રાજયના ૨૯ શહેરોમાં રાત્રી કરફ્યુ લાગુ કરી કેટલીક આવશ્યક સેવાઓ ચાલુ રાખી અન્ય સેવાઓ બંધ રાખવા જણાવવામાં આવ્યું છે. આ સંદર્ભે કલેક્ટર વિજય ખરાડીએ સમગ્ર દાહોદ શહેરમાં તા. ૨૮ એપ્રીલ થી આગામી તા. ૫ મે સુધી રાતના ૮ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી રાત્રી સંચારબંધી લાગુ કરવામાં આવી છે.

આ સંચારબંધી દરમિયાન કેટલાંક નિયંત્રણો મુકવામાં આવ્યા છે. જે મુજબ આ સમયગાળામાં આર્થિક/વ્યાપારિક પ્રવૃતિઓ જેવી કે દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, રેસ્ટોરન્ટસ(ટેક અવે સર્વિસીસ સિવાય), તમામ લારી–ગલ્લાઓ, શોપિંગ કોમ્પલેક્સ, અઠવાડિક ગુજરી, બજાર,એસેમ્બલી હોલ, વોટર પાર્ક, જાહેર બાગબગીચા, વોટર પાર્ક, મનોરંજક સ્થળો, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર, જીમ, સ્વિમિંગ પુલ ઉપરાંત તમામ પ્રકારના મોલ અને કોર્મસીયલ કોમ્પ્લેક્સ બંધ રહેશે.

જિલ્લાના તમામ માર્કેટીંગ યાર્ડ અને તમામ માર્કેટ બંધ રહેશે. એપીએમસીમાં શાકભાજી અને ફળફળાદીનું ખરીદ વેચાણ ચાલુ રહેશે પરંતુ કોવીડ–૧૯ સંબધિત તમામ માર્ગદર્શીકાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ સમયગાળા દરમિયાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૫૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે.



લગ્ન માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. અંતિમક્રિયા કે દફનવિધિ માટે મહત્તમ ૨૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે.

સરકારી–અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન, બેંક, ફાઈનાન્સ ટેક સંબધિત સેવાઓ, કેશ ટ્રાન્ઝેક્શન સેવાઓ, બેંકોનું ક્લીયરીગ હાઉસ, એટીએમ, સીડીએમ રીપેરર્સ, સ્ટોક એક્સચેન્જ, સ્ટોક બ્રોકરો, ઈન્સોરન્સ કંપનીઓ અને તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની સંખ્યા ૫૦ ટકા સુધી સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઈ લાગુ પડશે નહી.

તમામ પ્રકારના રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો, મેળાવડાઓ સદંતર બંધ રહેશે. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સ્પોર્ટસ સ્ટેડિયમ, સંકુલમાં પ્રેક્ષકો વગર રમત ગમત ચાલુ રાખી શકાશે. તમામ ધાર્મિક સ્થાનો જાહેર જનતા માટે બંધ રહેશે. ધાર્મિક સ્થાનો ખાતેની દૈનિક પુજાવિધી ધાર્મિક સ્થાનોના સંચાલકો–પુજારીઓ દ્વારા જ કરવાની રહેશે. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ મહત્તમ ૫૦ ટકા પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે.

રાત્રી સંચારબંધી દરમિયાન ફક્ત આવશ્યક સેવાઓ અમલમાં રહેશે અને અનિવાર્ય સંજોગોમાં છૂટ મળશે. જેમાં બિમાર વ્યકિત, સર્ગભાઓ, અશક્ત વ્યક્તિઓને સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવરજવર છૂટ રહેશે. મુસાફરોને રેલ્વે, એરપોર્ટ એસટી કે સીટી બસની ટીકીટ રજૂ કર્યેથી તેઓને અવર જવરની મંજુરી મળશે. રાત્રી સંચારબંધીના સમયગાળામાં લગ્ન યોજી શકાશે નહી. આવશ્યક સેવા સાથે સંકળાયેલા નાગરિકો–અધિકારીઓ–કર્મચારીઓએ અવરજવર દરમ્યાન માંગણી કર્યેથી જરૂરી ઓખળપત્ર રજૂ કરવાના રહેશે. અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલા વ્યક્તિઓએ તેમનું ઓખળપત્ર, ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન, સારવારને લગતાં કાગળો અને અન્ય પુરાવાઓ રજૂ કર્યેથી અવરજવરની પરવાનગી આપવાની રહેશે. અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલા વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારી–કર્મચારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યિલ ડિસ્ટન્સના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

આ ઉપરાંત કેટલીક આવશ્યક સેવાઓ–પ્રવૃતિઓ ચાલુ રહેશે. જેમાં કોવીડ–૧૯ સાથે સીધી સંકળાયેલ કામગીરીઓ, મેડીકલ, પેરામેડીકલ અને તેને આનુષંગિક આરોગ્યલક્ષી સેવાઓ, ઓક્સિજન ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા, ડેરી, દુધ–શાકભાજી, ફળ–ફળાદી ઉત્પાદન, વિતરણ અને વેચાણ અને તેની હોમ ડિલીવરી સેવા, શાકભાજી માર્કેટ અને ફ્રુટ માર્કેટ ચાલુ રહેશે. કરિયાણું, બેકરી, બધા પ્રકારની ખાદ્ય સામગ્રીનું વેચાણ અને તે વહેંચવા માટેની ઓનલાઈન તમામ સેવાઓ, અનાજ અને મસાલા દળવાની ઘંટી, ઘરગથ્થુ ટીફીન સર્વિસીસ અને હોટલ, રેસ્ટોરન્ટમાંથી ટેક અવે ફેસેલીટી આપતી સેવાઓ, ઈન્ટરનેટ, ટેલીફોન, મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર, આઈટી અને આઈટી સંબધિત સેવાઓ, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયા, ન્યુઝ પેપર ડિસ્ટીબ્યુશન, પેટ્રોલ અને ડિઝલ, એલપીજી, સીએનજી, પીએનજી સંબધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડ્કશન યુનિટ, પોર્ટ ઓફ લોડીગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ અને તે સંબધિત ટ્રાન્સપોર્ટેશન, ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ, પોસ્ટ અને કુરિયર સેવાઓ, ખાનગી સિક્યુરિટી સેવાઓ, પશુઆહાર, ઘાસચારો અને પશુઓની દવા અને સારવાર સંબંધિત સેવાઓ, કૃષિ કામગીરી, પેસ્ટ કન્ટોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા, ઉકત તમામ આવશ્યક ચીજવસ્તુઓના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી સેવાઓ, આંતરરાજય, આંતર જિલ્લા અને આંતરશહેરની ટ્રાન્સપોર્ટ સેવાઓ અને તેને સંલગ્ન ઈ–કોમર્સ સેવાઓ, તમામ પ્રકારના ઉત્પાદન, ઔદ્યોગિક એકમો અને તેને રો મટીરીયલ પૂરો પાડતા એકમો ચાલુ રહેશે અને તેમના સ્ટાફ માટેની વ્યવસ્થા ચાલુ રહેશે. બાંધકામને લગતી પ્રવૃતિઓ ચાલુ રહેશે. જે દરમિયાન કોવીડ–૧૯ સંબધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. એટીએમમાં નાણાનો પુરવઠો સતત જળવાઈ રહે તે માટે બેંક મેનેજમેન્ટે કાળજી લેવાની રહેશે. સૌ નાગરિકોએ ફેસ કવર, માસ્ક અને સામાજિક અંતરના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ જાહેરનામું દાહોદ નગરપાલિકાને તા. ૨૮ એપ્રીલ થી આગામી તા. ૫ મે સુધી લાગુ પડશે. જાહેરનામાનો ભંગ કરનાર કાયદાની વિવિધ જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# દાહોદ છાબતળાવમાં અસંખ્ય માછલીઓ મરેલી મળી આવતાં ખડભડાટ

દાહોદ,

દાહોદ શહેરના ઐતિહાસિક છાબ તળાવ ખાતે અસંખ્ય માછલીઓના મોતને પગલે પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ માછલીઓ ક્યાં કારણોસર મૃત્યુ પામી તેનું સાચું કારણ હાલ જાણી શકાયું નથી. પરંતુ હાલ જ્યારે કોરોના વૈશ્વિક મહામારીનો દૌર ચાલી રહ્યો છે. ત્યારે આવા સમયે માછલીઓના ભેદી મોતને પગલે નગરજનોમાં અનેક ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે.

એક તરફ કોરોના કાળ ત્યારે બીજી તરફ દાહોદ શહેરમાં આજના બનેલ બનાવને પગલે સૌ કોઈને અચંબામાં મુકી દીધા છે. આજે દાહોદ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

શહેરમાં આવેલ ઐતિહાસિક છાબ તળાવ ખાતે અસંખ્ય માછલીઓ કોઈક કારણોસર ટપોટપ મોતને ભેટતાં આશ્ચર્ય ફેલાયું છે. સવારની આ ઘટનાને પગલે અવર જવર કરતાં લોકો અને તળાવ પાસેથી પસાર થતાં લોકોએ તળાવમાં આ મૃત માછલીઓના દ્રશ્યો જોતા એક ક્ષણે સ્તબ્ધ થઈ ગયાં હતાં. આ ઘટનાની જાણ વાયુવેગે પંથકમાં ફેલાતાં લોકો તળાવ તરફ ઘસી ગયાં હતાં. માછલીઓ ક્યાં કારણોસર મૃત્યુને ભેટી હશે? તે સવાલ હજુ પણ લોકોને સતાવી રહ્યો પરંતુ જ્યારે હાલ કોરોના મહામારી ચાલી રહી છે અને આવા સમયે છાબ તળાવમાં અસંખ્ય માછલીઓના મોતને પગલે અનેક તર્ક વિતર્ક સહિત લોકોમાં ફફડાટ પણ ફેલાતો જોવા મળ્યો હતો. અસંખ્ય માછલીઓના ભેદી મોતને પગલે લાગતા વળગતાં તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરી તાતી જરૂરીયા બની રહી છે.

# ઝાલોદમાં કોવીડ હોસ્પિટલો આગળ ડિવાઈડરમાં કટ છોડવા કલેટરને રજુઆત કરાઈ



ઝાલોદ,

ઝાલોદ નગરમાં પાલિકા દ્વારા બસ સ્ટેશનથી લઈને ઠુંઠીકંકાસીયા ચોકડી સુધી હાઈવેના રસ્તા પર ડિવાઈડર ઉભા કરવામાં આવ્યા હતા.પાલિકા દ્વારા હાઈવેને અડીને આવેલા રાધિકા હોસ્પિટલ, ધૂન હોસ્પિટલ અને સંજીવની હોસ્પિટલ આગળના ડિવાઈડરમાં કટ મુકવા બાબતે જવાબદાર વિભાગોને લેખિતમાં રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ત્યારે હાલમાં કોરોના મહામારીના સમયમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવતા ઝાલોદની હોસ્પિટલોમાં કોવીડની સારવાર શરૂ કરાઈ હતી. પરંતુ રાધિકા હોસ્પિટલ, ધૂન હોસ્પિટલ અને સંજીવની કોવીડ હોસ્પિટલો આગળના ડિવાઈડરમાં કટ ન હોવાના કારણે દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ડિવાઈડરમાં કટના અભાવે સારવાર માટે લઈને આવતી એમ્બ્યુલન્સોને ફરજીયાત ચોકડીઓ પરથી ફરીને આવવું પડતું હોવાના લીધે ઈમર્જન્સી સમયે તો દર્દીઓના જાનને ખતરો રહે છે. તેમ કોવીડ હોસ્પટલોના ડોકટરો દ્વારા લેખિતમાં જિલ્લા કલેકટર અને પ્રાંત અધિકારીને રજુઆત કરી હતી.અને દર્દીઓના હિતમાં તાત્કાલિક કટ છોડવા માંગ કરાઈ હતી.

# દે.બારીયા નગરમાંથી બે દિવસથી ગુમ થયેલ યુવકનો મૃતદેહ મોટા તળાવમાંથી મળી આવ્યો

દે.બારીયા,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા નગરમાં રહેતા એક યુવક બે દિવસથી લાપતા થયા બાદ તેની લાશ આજરોજ દેવગઢ બારીયા નગરના મોટા તળાવમાંથી મળી આવતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે આ યુવકે કોરોનાના ભયને પગલે આ પગલુ ઉઠાવ્યું હોવાની પણ ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.



દેવગઢબારિયા નગરમાં રહેતો ઓટોરિક્ષા ચાલક છેલ્લા બે દિવસથી ગુમ થયો હતો. પરિવારજનો દ્વારા ભારે શોધખોળ બાદ પણ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો ત્યારે તેની ઓટોરિક્ષા દેવગઢબારિયા નગરમાં આવેલ મોટા તળાવ પાસેથી મળી આવી હતી અને પરિવારજનો દ્વારા તળાવ ખાતે તપાસ પણ હાથ ધરી હતી પણ જે તે દિવસે તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો ત્યારે આજરોજ આજ મોટા તળાવમાથી આ યુવકની તરતી લાશ મળી આવતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટના સ્થળે પોલીસ તેમજ ૧૦૮ના કર્મચારીઓ દોડી ગયા હતા સાથે પરિવારજનો પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા જ્યાં કર્મચારીઓએ પીપીઈ કીટ પહેરી મૃતક યુવકની લાશને તળાવમાંથી બહાર કાઢી નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ માટે રવાના કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યુવકે કોરોનાના ડરથી તળાવમાં ઝંપલાવ્યું હોવાની ભારે ચર્ચાઓ જાગી ત્યારે પોલીસે આ સંદર્ભે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# દવાખાને ધક્કો ખાવાની જરૂર નથી, ઈ-સંજીવની એપ દ્વારા ઘર બેઠા જ તબીબોનું માર્ગદર્શન અને સલાહ મેળવો

દાહોદ,

નિષ્ણાંત ડોક્ટરની એ પણ જે તે વિષયના સ્પેશ્યાલિસ્ટની ઘરેબેઠા જ કન્સલન્ટસી નિઃશુલ્ક મળી રહે તે શક્ય છે ? હા. ભારત સરકારે ઈ–સંજીવની–સેફ હોમ ઓપીડી એપ દ્વારા આ વાત શક્ય કરી છે. કોરોના સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે ત્યારે ઘરે રહેવું જ મોટી સુરક્ષા છે ત્યારે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ એપ થકી રૂબરૂ દવાખાને જઈ ડોક્ટરની સલાહ લેવાની જરૂર નથી. ઘરે બેઠા જ નિષ્ણાંતોનો લાભ લઈ દવા મેળવી શકાય છે. ડોક્ટરની સલાહ બાદ ઈ–પ્રિસ્ક્રિપ્શન તુરત મોબાઈલમાં આવશે. જે દવાની દુકાને માન્ય ગણાશે.

આ સેવાનો લાભ મેળવવા માટે કોઈ પણ એન્ડ્રોઈડ મોબાઈલ પર ઈ–સંજીવની ઓપીડી એપ ડાઉનલોડ કરવાની રહેશે. ત્યાર બાદ પ્રથમ ઓટીપી દ્વારા મોબાઈલ વેરીફાઈ કરવાનો રહેશે. ત્યાર બાદ પેશન્ટ રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું રહેશે. જો કોઈ હેલ્થ રેકોર્ડસ હોય તો તે અપલોડ કરવાનો રહેશે. પેશન્ટ આઈડી અને ટોકન એસએમએસ દ્વારા મળશે.

હવે મોબાઈલ નંબર અને ટોકનની મદદથી લોગઈન થવાનું રહેશે. ત્યાર બાદ વચ્યુઅલ વેઈટીંગ રૂમમાં તમે પ્રવેશસો. જેમાં તમે લાઈનમાં કેટલામાં નંબરે છો તે બતાવાશે. તમારો નંબર આવતા જ કોલ નાઉ બટન એક્ટીવેટ થશે જે દાબવાથી વીડિયો કોલ શરૂ થશે. ડોક્ટર તમારી મોબાઈલની સ્ક્રિન ઉપર ઉપસ્થિત થશે અને તમે ડોક્ટરનું સલાહ–માર્ગદર્શન સીધું જ કોલિગ દ્વારા મેળવી શકશો. કોલ બાદ તુરત જ ઈ–પ્રિસ્ક્રિપ્શન મોબાઈલમાં આવી જશે. જે દવાની દુકાનો પર માન્ય ગણાશે.

આ રીતે સરળતાથી કોઈ પણ નાગરિક નિષ્ણાંત ડોક્ટરની કન્સલટન્સી મેળવી શકશે. એપ ઉપર સ્પેશ્યાલિસ્ટની સેવાઓ પણ લઈ શકાશે. જેમાં ડેન્ટલ, ડર્મોટોલોજીસ્ટ, ઈએનટી, જનરલ મેડીસીન, જનરલ સર્જરી, ઓપ્થેમેલોજી, ઓર્થોપેડિક્સ, પિડીયાટ્રીક્સ, સાઈક્યાટ્રીક્સ વગેરેની સેવાઓનો લાભ નિઃશુલ્કમેળવી શકાશે.

# દાહોદમાં પાલિકા અને પોલીસે કોરોના ગાઈડ લાઈનનું પાલન ન કરતાં બે દુકાનો સીલ

દાહોદ,

દાહોદ શહેરમાં આજરોજ બીજા દિવસે પણ દાહોદ નગરપાલિકા અને પોલીસની ટીમે શહેરમાં ધામા નાખી કોરોના લીશમચહશક્ષયનું પાલન ન કરતા દુકાનદારો તેમજ માસ્ક વગર ફરતા લોકો સામે કાર્યવાહી કરી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

બે જેટલી દુકાનોને સીલ કરવામાં આવી હતી અને દંડ ફટકારવામાં આવ્યો હતો ત્યારે ઘણા વિસ્તારોમાં અડચણરૂપ થતાં દબાણો પણ દૂર કરવામાં આવ્યા હતા.

ગઈકાલે દાહોદ નગરપાલિકા અને પોલીસની સંયુક્ત ટીમે શહેરના સ્ટેશન રોડ ખાતે કોરોના ગાઈલાઈનનું પાલન ન કરતા અને જાહેરનામાના ભંગ બદલ વેપારીઓ સામે લાલ આંખ કરી એક દુકાને સીલ કરવામાં આવી હતી અને બે જેટલા વેપારીઓની અટક પણ કરવામાં આવી હતી. ત્યારે આજે બીજા દિવસે પણ પોલીસ અને નગરપાલિકાની ટીમ દ્વારા કોરોના ગાઈડ લાઈનના ભંગ બદલ બે દુકાનોને સીલ કરવામાં આવી હતી. માસ્ક વગર ફરતા તેમજ કામ વગર આંટાફેરા મારતા વ્યક્તિઓ વિરૂદ્ધ પણ દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. વધુમાં શહેરમાં આવેલ ઘણા વિસ્તારોમાં અડચણરૂપ થતા દબાણોને દૂર પણ કરવામાં આવ્યા હતા. જાણવા મળ્યા અનુસાર, દરેક વેપારીઓ પોતાના ટેસ્ટ કરાવી સર્ટિફિકેટ સાથે રાખવું નહીંતર તેમની વિરૂદ્ધ પણ આવતીકાલથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ પાલિકા અને પોલીસ તંત્ર પાસેથી જાણવા મળી રહ્યું છે. પોલીસ અને દાહોદ નગરપાલિકા દ્વારા બે અલગ – અલગ ટીમો બનાવી શહેરમાં આવી કામગીરી કરી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી તરફ પાલિકા અને પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહીની સાથે માસ્કનું વિતરણ કરતા જોવા મળ્યા હતા.

# દાહોદ શહેર તેમજ ગરબાડા તાલુકામાં બે જગ્યાએથી ત્રણ મોટરસાઈકલની ઉઠાંતરી થતા ચકચાર

દાહોદ,

મોટરસાયકલ પ્રથમ બનાવ દાહોદ શહેરના ઈન્દોર હાઈવે રોડ સીમંધર ટાવર નજીક બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૨૫મી એપ્રિલના રોજ સીમંધર ટાવર પાસે હતા. ઉત્કર્ષ સંજયકુમાર અગ્રવાલે પોતાની મોટરસાયક્લ પોતાના વિસ્તારમાં લોકો મારી પાર્ક કરી હતી. આ મોટર સાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે ઉત્કર્ષભાઈ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મોટર સાઈક્લ ચોરીનો બીજો બનાવ ગરબાડા તાલુકાના પાટીયા દાદુર ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તારીખ ૩જી એપ્રિલના રોજ ગામમાં જ રહેતા પ્રવિણભાઈ કરણભાઈ ભુરીયા અને દિનેશકુમાર પુનાભાઈ ગોહિલની બે મોટરસાયકલ પોતાના ઘરના લોકો મારી પાર્ક કરી હતી. ત્યારે આ ૨ મોટર સાયકલને પણ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે ગરબાડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દે.બારીયા શહેરમાં સતત ૬ દિવસનું સ્વ્યંભૂ લોકડાઉન બાદ બજારોમાં ઘરાકીની સુનામી

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં ગયા શુક્રવાર થી કોરોનાની ચેઈન તોડવા માટે સ્વૈચ્છિક લોકડાઉન લાગુ કરાયો હતો. જેમાં કરીયાણા દુકાનો તથા મેડીકલ, શાકભાજી, દુધ ફ્રુટની લારીઓનું ચાલુ રાખવાની છુટ હતી. જેનો સ્પષ્ટ આદેશ કલેકટરએ કર્યો હતો પણ અમુક શહેરના માથા ભારે વેપારીઓની આડોડાઈના કારણે જીવત જરૂરીયાતની દુકાનોને પોલીસ પ્રસાશનન ઉપર દબાણ કરી બંધ કરાવી હતી. જેથી શહેરની અને આસપાસના ગામોની આમ જનતાને દાળ, ચોખા, ચા, ખાંડની અછત



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

વર્તાઈ હતી. આમ ૩૦/૦૪/૨૧ ગુરુવારના રોજ શહેરની તમામ પ્રકારની દુકાનો ખુલતાની સવારથી જ દુકાનોમાં ભીડ જોવા મળી હતી અને શહેરના અનેક રસ્તાઓ પર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. હવેથી સ્થાનિક તંત્ર જીલ્લા મેજીસ્ટ્રેટના પરિપત્રનું અમલ કરે નહિ કે સ્થાનિક માથાભારે તત્વોનું તેમજ અમુક દુકાનદારો જેવાં કે પાન–પડીકી, મસાલા ના તે તો આવું જ ચાલે તો તેમને કૃત્રિમ અછતનો નાટક બતાવી વધારાના નાણા પડાવી લેતા હોય છે. જેથી પુરવઠા તંત્ર પણ સજાગતા દાખવે અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ પણ ચોકન્ની રહી આ લોકડાઉનનું ગેરલાભના ઉઠાવે તેવા પગલાં લેવાનો સ્પષ્ટ આદેશો આપવા નહિ તો આમ ગરીબ જનતા લુંટાશે તેનું આમ જનતામાં ગણગણાટ છે.

# દાહોદના રાછરડા ગામે કોવીડ કેર સેન્ટરનો શુભારંભ



દાહોદ,

દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા કોરોનાની પ્રાથમિક અસરના દર્દીઓ માટે દાહોદ તાલુકાના રાછરડા ગામે કોવીડ કેર સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો. જેમાં દાહોદ કલેક્ટર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કોવીડ કેર સેન્ટરમાં દર્દીઓના સતત નિરિક્ષણ માટે મેડિકલ સ્ટાફ, બે ટાઈમ નાસ્તો તથા ભોજન, મેડિકલ કીટ તેમજ આયુર્વેદિક ઉકાળા તથા જરૂરી દરેક પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે તથા આ સેન્ટરમાં મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ દર્દીઓની સાર સંભાળ માટે ઉપલબ્ધ રહેનાર છે. સાંસદના પ્રયત્નથી આંશિક સંક્રમણ ધરાવતા દર્દીઓને ઘર આંગણે સારવાર ઉપલબ્ધ થશે.

# દે.બારીયાના લવારીયા ગામે ૮૧ હજારનો દારૂનો જથ્થો મળ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના લવારિયા ગામેથી એક રહેણાંક મકાનમાંથી પોલીસે વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂપિયા ૪૧,૮૫૦/– ના પ્રોહીબીશનના જથ્થા સાથે એકની અટક કર્યાનું જાણવા મળે છે. જ્યારે એક નાસી જવામાં સફળ થયો છે.

લવારિયા ગામે રહેતો સર્જનભાઈ ભુપતભાઈ બારીયાના રહેણાંક મકાનમાં પોલીસે ગત તારીખ ૨૮મી ફેબ્રુઆરીના રોજ મળેલ બાતમીના આધારે ઓચીંતી રેડ પાડી હતી. આ દરમિયાન પોલીસે સર્જનભાઈની અટક કરી હતી. જયારે તેની સાથેનો બળવંતભાઈ ભેમાભાઈ બારીયા (રહેવાસી સીન્ગોર, તાલુકો દેવગઢ બારીયા)નો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ ૩૦૦ જેની કુલ કિંમત રૂપિયા ૪૧,૮૫૦/– ના પ્રોહિબિશનનો જથ્થો કબજે કરી સાકટાળા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈસ્લામ અને સાયન્સ

વ્યકિતને ગાયબ કરતા વસ્ત્રો તૈયાર કર્યા હોવાના અમેરીકી વૈજ્ઞાનિકોનો દાવો.

ખાસ પ્રકારના કપડાં પહેરવાથી અભિનેતાને અદ્દશ્ર્ય થવું માત્ર રૂપેરી પડદા પર કે પછી કલ્પનાઓ શકય હતું. જોકે, હવે લોકોનું આ સપનું સાકાર થાય તો નવાઈ નહી. અમેરીકાના વૈજ્ઞાનિકો આ દિશામાં સંશોધન કરી રહ્યા છે. તેમણે એક ખાસ પ્રકારનો પોશાક તૈયાર કર્યો જ પહેરતા જ કોઈપણ વ્યકિત વાસ્તવિક જીંદગીમાં અદ્દ્શ્ર્ય થઈ શકે છે. અમેરીકાના ઈન્ડીયાના રાજ્યની યુનિવર્સીટીના ઈજનેરોએ દાવો કર્યો છે કે, ભૌતિક પર આધારીત તેમણે એક એવી ડિવાઈસ તૈયાર કરી હવાઈ જહાંજ જેવી વિરાટકાય ચીજોને પણ ગાયબ કરી શકે છે.

પડર્યુ યુનિવર્સીટીના ઈજનેર અને પ્રોજેકટના વડા લાદીમિર શૈલા એવે કહ્યું હતું. ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાંત મુજબ કોઈપણ વસ્તુ પર પ્રકારના કિરણ પરાવર્તિત થઈ આંખો પર પડે ત્યારે તે દેખાય છે. બનાવેલા વસ્ત્રની ખાસ પ્રકારની ડિઝાઈનના લીધે પ્રકાશ કિરણો આ વસ્ત્ર ધારણ કરનારની આસપાસ થી પસાર થઈ જાય જેથી આ પોશાક પહેરનારને કોઈ જોઈ શકતું નથી. (દિવ્ય ભાસ્કર, ૯/૪/૦૭ સોમવાર, અહમદાવાદ)

પયગંબર ઈસ્લામ એ જણાવ્યા મુજબ અલ્લાહ તઆલા એ એવા ઘણા સર્જન કર્યા છે. જે સામાન્ય માનવી જોઈ શકતું નથી છતાં તે અસ્તિત્વ ધરાવે છે. દા.ત., જન્નત, જહન્નમ, સર્ગેસાઝમ, લોહોકલમ, ફરિશ્તા, જીન્નાત, રિજાલુલ ગૈબ વગેરે જો ઉપરોકત સમાચારે સાયન્ટીસ સફળ થાય તો પણ ઈસ્લામની સત્યતા થાય છેકેમાનવી આવુંસર્જન કરી શકેછે. તો સૌથી કુદરત ધરાવનાર અલ્લાહ કેમ નહી ?

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

તા.૩૦/૪/૨૧ ચાંદ-૧૭ માહે રમઝાન
ખત્મે શહેરી ૪:૩૮ સવારે.
વકતે ઈફતાર ૭:૦૫ સાંજનો સુર્યાસ્ત.
આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 210

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં ગુરૂવારે ૯૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




- શહેરી વિસ્તારમાં ૨૫ ગ્રામ્ય વિસ્તારમાં ૭૩ પોઝીટીવ કેસ.
- ૬૩ દર્દી કોરોનાને માત આપી સાજા થયા.
- પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કોરોના મૃતોકના આંક છુપાવતી હોવાના આક્ષેપ.

ગોધરા,

પંચમહાલ જીલ્લા કોરોના મહામારીની બીજી લહેરમાં કોરોના સંક્રમણ ઝડપથી લોકોને સંક્રમણનો ભોગ બનાવી રહ્યું છે. તેમાં પણ કોરોનાની બીજી લહેરની ઘાતક અસરને લઈ મૃત્યુઆંક પણ ઝડપથી વધી રહ્યો છે. સ્મશાનમાં અંતિમ વિધી માટે વેટીંગમાં મૃતદેહ સાથે સ્વજનો રાહ જોવા મળી રહ્યા છે. આમ, કોરોનાની બીજી લહેર ઘાતક રીતે લોકોને સંક્રમણના ભરડામાં લઈ રહી છે. જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમણના કેસમાં રોકેગ ગતિથી વધારો થઈ રહ્યો છે. સંક્રમણના કેસમાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. સંક્રમણ ઓછું થવાનું નામ લેતું નથી. જીલ્લામાં લોકો કોરોના સંક્રમણને ગંભીરતાથી લઈ રહ્યા નથી. પરિણામે કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. આજરોજ જીલ્લામાં કોરોનાના ૯૮ પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. તેની સામે ૬૩ દર્દીઓને રજા અપાઈ છે. જીલ્લામાં સક્રિય કેસની ૯૫૦ સુધી પહોંચી છે. ત્યારે હવે લોકોમાં જાગૃતિ આવે અને માસ્ક તથા સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવે તેજ કોરોના સંક્રમણથી બચવાનો એકમાત્ર શ્રેષ્ઠ ઉપાય છે.

કોરોના મહામારીની બીજી લહેરમાં ગુજરાતના મહાનગરોની જેમ પંચમહાલ જીલ્લો પણ પ્રભાવિત થયો છે. જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. કોરોનાની બીજી લહેર કોરોના સંક્રમિત દર્દીઓને ઘાતક અસર પહોંચાડી રહી છે. કોરોના સંક્રમિત થતાં મોટાભાગના દર્દીઓ ઓક્સીજન લેવલ ઘટી જવાની સમસ્યાથી પીડાઈ રહ્યા છે અને આવા કોરોના સંક્રમિત દર્દીઓને ઓક્સીજન સપોર્ટની જરૂરીયાત ઉભી થઈ રહી છે. હોસ્પિટલમાં ઓક્સીજન બેડ મોટાભાગે ફુલ જોવા મળી રહ્યા છે. ઓક્સીજન સપોર્ટની જરૂરીયાત ધરાવતા દર્દીઓને સરકારી કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવા માટે રાહ જોવી પડી રહી છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં વેન્ટીલેટર બેડ અને ઓક્સીજન બેડ મોટાભાગે ફુલ જોવા મળી રહ્યા છે. જેને લઈ આવા દર્દીઓને ખાનગી કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવા માટે પરિવારજનો મજબુર બની રહ્યા છે. જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં અનેક દર્દીઓના મોત થયા છે. પરંતુ પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવતાં કોરોના ડેઈલી રીપોર્ટમાં મોટાભાગના મૃત્યુ નોન કોવિડ એટલે અન્ય બિમારી થી થયા હોવાનું દર્શાવવામં આવી રહ્યું છે. જ્યારે બીજી તરફ કોરોના હોસ્પિલમાંથી આવતા મૃતકોના અંતિમ સંસ્કારવિધી કોરોના ગાઈડ લાઈન થી કરવામાં આવી રહી છે. તેમાં પણ સ્મશાનમાં વેટીંગમાં મૃતદેહ સાથે સ્વજનોએ કલાકો સુધી રાહ જોવી પડે છે. તેમ છતાં આરોગ્યતંત્ર દ્વારા આવા મૃત્યુ પામતા દર્દીઓને નોન કોવિડ એટલે અન્ય કોઈ બિમારીને લઈ મૃત્યુ થયાનું જાહેર કરી રહી છે. આમ, પંચમહાલ જીલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની બીજી લહેરની ઘાતક અસર હેઠળ મૃત્યુ પામતાં દર્દીઓના સાચો આંક પણ જાહેર કરવા માંગતા નથી. આ એક જીલ્લાની કડવી વાસ્તવિકતા છે. વહીવટી તંત્ર અને આરોગ વિભાગ

### ગોધરા શહેરના સ્મશાનમાં એક સપ્તાહમાં નોંધાવેલ ઓફ ધ રેકર્ડ મૃત્યુ આંક

૨૪ એપ્રિલ ૧૦ વ્યકિતના કોરોનામાં મૃત્યુ
૨૫ એપ્રિલ ૨૫ વ્યકિતના કોરોનામાં મૃત્યુ
૨૬ એપ્રિલ ૧૯ વ્યકિતના કોરોનમાં મૃત્યુ
૨૭ એપ્રિલ ૦૯ વ્યકિતના કોરોનામાં મૃત્યુ
૨૮ એપ્રિલ ૦૮ વ્યકિતના કોરોનામાં મૃત્યુ
૨૯ એપ્રિલ ૧૫ વ્યકિતના કોરોનામાં મૃત્યુ

### પંચમહાલમાં કોરોનાના કેસની સંખ્યા

: શહેરી વિસ્તાર :
ગોધરા-૧૫
હાલોલ - ૦૭
કાલોલ - ૦૩
: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા - ૦૯
હાલોલ - ૦૭
કાલોલ - ૪૯
જાંબુઘોડા - ૦૩
ઘોઘંબા - ૦૨
શહેરા - ૦૩
સક્રિય કેસ - ૯૫૦
રજા અપાઈ - ૬૩
મૃત્યુઆંક - ૦૦

### આરોગ્ય વિભાગના રેકર્ડ મુજબ મૃત્યુ આંક

| તારીખ | કોવિડ | નોન કોવિડ |
|---|---|---|
| ૧ એપ્રિલ | ૭૦ | ૮૨ |
| ૧૫ એપ્રિલ | ૭૧ | ૮૭ |
| ૨૯ એપ્રિલ | ૭૧ | ૧૦૪ |

પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૧ એપ્રિલ થી ૨૯ એપ્રિલ સુધી કોરોનામાં ૧ વ્યક્તિનું મોત જ્યારે ૧ એપ્રિલ થી ૨૯ એપ્રિલ સુધીમાં નોન કોવિડમાં ૨૨ વ્યક્તિના મોત જાહેર કરવામાં આવ્યા.

આવા મૃત્યુઆંક છુપાવી રહી હોવાથી બુમો લોકોમાં ઉઠી રહી છે. કારણ કે, જે પરિવારજનો સ્વજન મૃત્યુ પામ્યો છે. તેવા પરિવાર દ્વારા અથવા સ્નહેરી દ્વારા સોશ્યલ મીડીયામાં તસ્વીર સાથે કોરોનામા અવસાન થયાનું જાહેર કરી રહ્યા છે. ત્યારે બીજી તરફ સરકારી રેકર્ડ ઉપર કોરોનામાં કોઈપણ દર્દીનું મોત કોરોનામાં થયું નથી. તેવું કોરોનાના ડેઈલી રીપોર્ટમાં જાહેર કરવામાં આવે છે. આવી બેવડી નીતિ ને લઈ લોકોમાં આરોગ્ય વિભાગના દ્વારા જાહેર થતાં રીપોર્ટને સાચો માનવા તૈયાર થઈ રહ્યા નથી.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં ગ્રામ્ય વિસ્તારોમાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. આજરોજ જીલ્લામાં ૯૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં શહેરી વિસ્તારમાં ૨૫ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૭૩ પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેની સામે કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓના રીકવરી રેટ ઘણો ધીમો જોવા મળી રહ્યો છે. આજરોજ ૬૩ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં કોરોના સક્રિય દર્દીઓની સંખ્યા વધીને ૯૫૦ સુધી પહોંચી છે. જીલ્લામાં વધતા જતાં કોરોના સંક્રમણ કેસને લઈ આરોગ્ય વિભાગ અને વહીવટીતંત્ર ચિંતીત બન્યું છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના દર્દીઓની સંખ્યાની વાત કરીએ તો કાલોલ તાલુકામાં ૪૯ દર્દીઓ સંક્રમિત થયા છે. ગ્રામ્ય વિસ્તારોમાં વધતા જતા સંક્રમણને આરોગ્ય વિભાગ વધુ સતર્ક બન્યું છે. કોરોના સંક્રમણ થી બચવા લોકોને માસ્ક પહેરવાન અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવામાં અપીલ કરવામાં આવી રહી છે.

## શહેરામાં બે વાગ્યા સુધીના ધંધા રોજગાર ચાલુ રાખવાના નિર્ણય છતાં અમુક દુકાનો ખુલ્લી રહેતા નાના વેપારીઓમાં રોષ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાનગરમા કોરોનાની વધતી પરિસ્થીતીને ધ્યાને લઈને દૂકાનો ખોલવાનો સમય સવારના ૮ થી ૨ વાગ્યા સુધી રાખવામા આવ્યો હતો. અમુક દુકાનો પાલિકા એ નક્કી કરેલ સમય બાદ પણ ખુલ્લી હોવાથી નાના વેપારીઓ માં રોષ જોવા મળ્યો હતો. વહીવટી તંત્ર ને આ સામે કાર્યવાહી કરવામાં કોઈ રસ નથી.

શહેરા નગર અને તાલુકામાં કોરોનાના વધતા કેસને લઈને પાછલા અઠવાડીયામાં ત્રણ દિવસનુ લોકડાઉન કરવામા આવ્યુ હતું.

પછીના દિવસોમા ૪થી ૮ સુધીનો સમય રાખવામા આવ્યો હતો, જોકે હવે ૪ વાગ્યાની જગ્યાએ ૨ કલાક સમય ઘટાડી દઈને બે વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય પાલિકા દ્વારા કરવામાં આવ્યો છે. હાલમા લગ્નપ્રસંગોને લઈને બજારો મા ભારે ભીડ ખરીદી કરવા લોકોની હોવાથી ભીડમા સંકમણ વધી શકવાનું સંભાવનાઓ રહેલી હોય છે.

એક બાજુ કોરોના સંકમણ અટકાવા માટે આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર કમર કસી રહયુ છે. ત્યારે નગરમા કેટલાક લાલચુ વેપારીઓ તંત્ર ના આદેશનુ પાલન નહી કરવા સાથે વધુ નફો કમાવાની લાલચમા લોકોના જીવને જોખમમા મુકી રહયા છે. પોલીસતંત્ર અને વહીવટી તંત્ર ને નિયમોના ભંગ કરનારા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં કોઈ રસ રહયો નથી. નગરમાં જ્યારે બજારો બંધ હોય છે. છતા કેટલાક વેપારીઓ બંધ દૂકાનની આગળ બેસી રહે છે, આવતા જતા લોકોને શુ જોઈએ તેમ પણ પુછતા હોય છે. આનો અર્થ એપણ થયો કે વેપારીઓને માત્ર "પૈસા મારો પરમેશ્વર ને હું રૂપિયાનો દાસ" તે કહેવત અહી સાર્થક થતી દેખાઈ રહી છે. અમુક વેપારીઓની દુકાનમાં ભીડ વધુ જોવા મળતા વેપારીઓને કોરોનાનો કોઈ ડર રહયો નથી તેવું લાગી રહ્યું છે. શહેરા પોલીસ ચોકીથી મેઈન બજારમાં જતી વખતે આવતી કેટલીક દૂકાનોની બહાર આવા વેપારીઓ બેસી રહેતા જોવા મળે છે. તો શહેરા માર્કેટીંગ યાર્ડ બાજુ આવેલી કેટલીક દૂકાનોના માલિકો અડધુ શટલ ઉચુ રાખીને વેપાર કરે છે.

પોલીસે તેમની સામે કાર્યવાહી કરવી જોઈએ. ગોધરા રોડ પર જતા આવેલી કેટલીક લગ્નનો સામાન વેચવાની દૂકાનો, જનરલ સ્ટોર પણ ખુલ્લા રહેતા હોય છે. એક રીતે દુકાન ખુલ્લી હોય તેટલે ઘરાક આવતો હોય છે. તેથી તેને જોઈને બીજા પણ આવે આથી કોરોનાનું સંક્રમણ વધવાની શકયતાને નકારી શકાય તેમ નથી.

જો નિયમ બનાવામાં આવે તો તેને પાળવા જરૂરી છે, ત્યારે હવે જોવાનુ એ રહ્યું કે શહેરાનું વહીવટીતંત્ર અને પોલીસ આ મામલે શું કાર્યવાહી કરે છે.

## ઘોઘંબા તાલુકા મથક ખાતે તાલુકા પંચાયતમાં અધિકારીઓ દ્વારા પદાધિકારીઓને માર્ગદર્શન અપાયું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

હાલમાં કોરોના મહામારી ચાલી રહી છે ક્યારે સંપૂર્ણ ભારત દેશ મુશ્કેલી અનુભવી રહ્યો છે. ત્યારે વિવિધ માર્ગદર્શનનો દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આજરોજ ઘોઘંબા તાલુકામાં તાલુકા પંચાયત ખાતે ઘોઘંબા તાલુકાના મેડિકલ ઓફિસર પારસભાઈ પટેલ તથા ઈન્સ્પેક્ટર આર.આઆર.ગોહિલ તથા ટીડીઓ ધવલભાઈ લીમ્બાચીયા દ્વારા ઘોઘંબા તાલુકાના જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો અને સરપંચોની ખાસ બેઠક બોલાવી હતી. આ બેઠકમાં તમામ જવાબદાર પદાધિકારીઓને ગામડાઓમાં સામાજિક તથા ધાર્મિક પ્રસંગો અત્યારે બંધ રાખવા માટે સમજાવવામાં આવેલ છે તથા સ્થાનિક લોકોને પણ આ બાબતે જાગૃત કરવાની સમજ આપવામાં આવી. સાથે સાથે સૌને જવાબદાર વ્યક્તિ તરીકેની કેટલીક જવાબદારી પણ સોંપવામાં આવી. ગામડાઓમાં તમામ જગ્યાએ સરકારનુ કોવિડ-૧૯નુ સંપૂર્ણ પાલન કરવા માટે જણાવ્યું હતું. તાલુકા ભાજપ પ્રમુખ અને તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રાઠવા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાંલર્નિંગ લાઈસન્સ સહિતની કામગીરી ૨૯ એપ્રિલથી તા.૭મી મે સુધી બંધ રહેશે

લુણાવાડા,

રાજયમાં કોરોના વાયરસના વધી રહેલા સંક્રમણની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને રાજ્ય સરકારે રોજગાર અને તાલીમ વિભાગ હસ્તકની તમામ સરકારી, ગ્રાન્ટ ઈન એડ અને સ્વનિર્ભર ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં લર્નિંગ લાઈસન્સ સહિતની તમામ કામગીરી આવતી કાલ ૨૯ એપ્રિલ થી આગામી ૭ મી મે સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે એમ રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા જણાવાયુ છે. ૨૯ એપ્રિલ ૨૦૨૧ થી ૭મી મે સુધી આ નિર્ણય નો અમલ કરવાનો રહેશે. આ આઠ દિવસના આ સમયગાળા દરમિયાન ઔદ્યોગિક તાલીમ સંસ્થાના તમામ અધિકારી/કર્મચારીઓએ મોબાઈલ ફોન, ઈ મેઈલ અને વોટ્સએપ પર ઉપલબ્ધ રહી વર્ક ફ્રોમ હોમ કરવાનું રહેશે.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ હાલોલ વચ્ચે આવેલ આદિત્ય બિરલા કંપની પાસે થી પસાર થતાં રોડ પર દોડતી ફોર વ્હીલરના ચાલકે સ્ટ્રેરીગ પરનો કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઈ જતાં ડ્રાયવરનો આબાદ બચાવ થયો હતો.

## કાલોલ તાલુકાના વેજલપુર ગામના MGVCL અધિકારીઓની બેદરકારી


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામ ના MGVCL ના અધિકારીઓ ની બેદરકારી સામે આવી છે વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ પંચાયત ની બહાર પગતી પથ ઉપર કેબીનો મુકવામાં આવે છે તે કેબીનો ગ્રામ પંચાયત ની અંદર બનાવવામાં આવે છે અને વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા મીટર ની અંદર થી MGVCL ની પરમિશન કે લોડ માગ્યા વગર ડાયરેક મીટર માથી વાયર જોઈન્ટ કરી ગ્રાઈન્ડર મશીન ડ્રિલ મશીન જેવા ઓજારો થી ગ્રામ પંચાયત ની અંદરજ કેબીનો બનાવવાની કામ ગિરી કરવામાં આવી રહી છે ત્યારે MGVCLના જવાબદાર અધિકારીઓ આટલો મોટો સડયંત્ર રચા તુ હોવા છતા કોય પણ પ્રકાર ની કાર્ય વાહી હાથ ધરવામાં આવતી નહોય તેવુ લાગી રહયુ છે જયારે સામાન્ય માણસ દ્વારા આ પ્રકાર ની વીજ પુરવઠો ડાયરેક્ટ પરમિશન વગર વાપર તા હોય ત્યારે MGVCL દ્વારા લાખો રૂપિયાનો દંડ વસુલ કરવામા આવેછે ત્યારે ગ્રામ પંચાયત પાસે દંડ વસુલ કરશે ખરા બીજી તરફ વાત કરીએ તો વેજલપુર ગ્રામ પંચાયત સરપંચ દ્વારા પગતી પથ ઉપર કરવામા આવેલા દબાણો અંગે માર્ગ મકાન વીભાગ ની મંજૂરી કે ગ્રામ પંચાયત મા કોઈપણ પ્રકાર નો ઠરાવ કર્યા વગર સરપંચ પોતાની મન માની કરી રહયા હોય તેમ લાગે છે જેથી સ્પષ્ટ લાગી રહયુ છે વેજલપુર ગ્રામ પંચાયત ને કોઈપણ ઉપલી કચેરી ની મંજૂરી ની જરૂર ન હોય તેમ લાગે છે બીજી તરફ વાત કરીએ તો ગ્રામ પંચાયત ને દબાણો દૂર કરવાના હોય ત્યારે વેજલપુર ગ્રામ પંચાયત પોતે દબાણો કરતી નજરે પડે છે વેજલપુર ગ્રામ પંચાયત ને વેપારી વર્ગ અને દુકાન દારો ની એટલીજ પડી હોય તો ગમે ત્યાં એક વિશાળ જગા ઉપર એક મોટુ માર્કેટ બનાવવામાં આવે તો વેજલપુર ગામ નો વિકાસ કર્યો કહેવાય અને વેજલપુર ગામ જનોને ધંધા રોજગાર કરવામા મજા આવે અને ગામ મા ટ્રાફિક ન થાય.

- માર્ગ મકાન વિભાગ ના અધિકારી વેજલપુર ગામમાં રસ્તા ઉપર થય રહેલ દબાણોની જાણ કે પછી અંજાન.
- માર્ગ મકાન વિભાગ ના અધિકારી રોડના મધ્ય બિંદુથી સરકારની જોગવાઈ મુજબ માપણી કરશે ખરા.
- માર્ગ મકાન વિભાગ ના અધિકારી રોડ પર થય રહેલ દબાણ દૂર કરશે ખરા.

## "અંતિમક્રિયા થઈ મોંઘી" હવે કોરાનાને લીધે ૧૬૦૦થી ૨૫૦૦ સુધીનો ખર્ચ

અમદાવાદ,

જીવલેણ બનેલા કોરોના વાયરસને કારણે ગુજરાતના મૃત્યુદરમાં વધારો થયો છે. કોરાના બીમારીની સાથે સાથે ડાયાબિટીસ, કેન્સર, બ્લડ પ્રેશર, હાર્ટએટેક તેમજ અન્ય કોઈ બીમારીથી પીડાતા હોય તેવા લોકોના ટપોટપ મૃત્યુ થઈ રહ્યા છે. જેના કારણે સ્મશાન અને કબ્રસ્તાનોમાં અંતિમક્રિયા માટે લાઈનો લાગી રહી છે અને આના લીધે અંતિમવિધિમાં વપરાતી તમામ વસ્તુઓના ભાવ અત્યંત વધી જતા હવે અંતિમક્રિયા પણ ખુબજ મોંઘી થઈ ગઈ છે.

સ્મશાનની બહાર જોવા મળતી ઠાઠડીઓના ભાવમાં એક નહિ, બે નહિ એમ પાંચ ગણો વધારો થયો છે. મંતવ્ય ન્યુઝે આ બાબતે અમદાવાદના જમાલપુર અને વી એસ હોસ્પિટલ પાસેના સ્મશાનમાં રિયાલિટી ચેક કરતા જાણવા મળ્યું હતું કે , કોરોનાકાળ પહેલા મૃતદેહને બાળવા માટે ઠાઠડી સહીત સમગ્ર સાધન સામગ્રીનો ખર્ચો ૫૦૦ થી ૭૦૦ રૂપિયા સુધીનો હતો. જોકે, હવે કોરાનાને લીધે અત્યારે ૧૬૦૦થી ૨૫૦૦ સુધીનો ખર્ચ થઈ રહ્યો છે. એટલુંજ નહિ હિન્દૂ ધર્મ પ્રમાણે પરણિત મહિલાના મૃતદેહની અંતિમવિધિનો ખર્ચ થોડોક વધારે થતો હોય છે, જયારે વિધવા મહિલાના મૃતદેહની અંતિમવિધિનો ખર્ચ થોડુંક ઓછું થતું હોય છે. જયારે કોરોનાથી મ્રૃત્યુ પામેલા મૃતદેહનો ખર્ચ પણ ખુબજ વધી ગયો છે. એટલુંજ નહિ, શહેરમાં મૃતદેહને બાળવા માટે લાકડા ખૂટી રહ્યાની અછત સર્જાઈ રહી છે તેમજ શહેરમાં ઠાઠડીની પણ અછત સર્જાતા તેના ભાવોમાં ભારે વધારો થયો છે. હવે વાત કરીએ મુસ્લિમ કબ્રસ્તાનોની તો, કોરાના કાળને મુસ્લિમ કબ્રસ્તાનોમાં દફન વિધિની સામગ્રીઓમાં નહિવત વધારો થયો છે.આ અંગે મંતવ્ય ન્યુઝે શહેરના બહેરામપુરા વિસ્તારમાં આવેલા બુખારી બાવા કબ્રસ્તાન અને દાણીલીમડામાં આવેલા ગાંજશોહદા કબ્રસ્તાનની રિયાલિટી ચેક કરી હતી. જેમાં કફનનો ખર્ચ , કબર ખોદવાનો ખર્ચ , કબરમાં રાખવામાં આવતા લાકડાનો ખર્ચ વગેરે સામગ્રીના ખર્ચમાં શહેરના ગણ્યા ગાંઠ્યા કબ્રસ્તાનોમાં નજીવો ફેરફાર થયો છે. કોરોના સિવાયની ડેડબોડીની દફનવિધિના ખર્ચમાં નહિવત વધારો થયો છે જયારે કોરોનાથી મ્રૃત્યુ પામેલી ડેડબોડીની કબર ઊંડી ખોદવાની હોવાથી અમુક કબ્રસ્તાનોમાં જેસીબી મશીનનો ઉપયોગ કરાતો હોય છે તેથી તેનો ચાર્જ અલગથી વસુલવામાં આવે છે. અને આ જ ચાર્જમાં થોડોક વધારો થયો છે. આમ, દફનવિધિની પાછળ મોટાભાગના શહેરના તમામ કબ્રસ્થાનોમાં સરેરાશ ૨૫૦૦થી ૩૦૦૦ સુધીનો ખર્ચ થઈ રહ્યો છે.

કોરોનાએ જીવતા લોકોને તો હેરાન કર્યું જ છે હવે મૃતદેહોની ફેંજેતી પણ એટલી જ વધારી દીધી છે. કારણકે, શહેરમાં દફનવિધિ હોય કે અંતિમ વિધિ હોય તમામમાં મૃતદેહોની સંખ્યા વધારે હોવાથી તેમાં મોટી મોટી લાઈનો લાગી રહી છે, જેના કારણે મૃતકોના પરિવારજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## ગુજરાત બીજેપીના અનુસૂચિતજાતિના પ્રદેશ પ્રમુખ ત્રણ જીલ્લામાં કોરોનાની મહામારી માટે જાણકારી આપશે



ગોધરા,

ગુજરાત ભારતીય જનતા પાર્ટી અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ ડોકટર પદ્યુમન વાંઝા મહીસાગર પંચમહાલ અને દાહોદની મુલાકાતે તારીખ ૨ ૫ ૨૦૧૯ ના રોજ રવિવારે અનુસૂચિત જાતિના કાર્યકર્તાઓ પદાધિકારીઓ અને દલિત સમાજની વસ્તીમાં કોરોનાની મહામારી વિશે જાણકારી લેશે અને ભારતીય જનતા પાર્ટી તપાસ અધિકારી સાથે એક ઔપચારિક બેઠક કરશે કોરોનાની મહામારી માં આપણે કઈ રીતે આગળ વધી શકે છે. આ બીમારીને જાકારો કઈ રીતે આપી શકે છે. ડોકટરની સાથે વિનોદભાઈ સોલંકી પણ હાજર રહેશે.